ક્રમાંક:જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ વિતરણ/૧
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તારીખ: ૧૬/૦૧/૨૦૨૪

// પરિપત્ર //

વિષય : નિગમ દ્વારા ફાળવેલ મિલકતને સ્વૈચ્છિક પરત સોંપણી કરવા અંગેની પ્રોત્સાહક ઉદાર નીતિ અમલમાં મૂકવા બાબત.

સંદર્ભ : મિલકતની સ્વૈચ્છિક પરત સોંપણી અંગેના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પ/૪૨, તા.૧૭/૧૨/૨૦૨૧

નિગમ દ્વારા વિવિધ વસાહતોમાં ઔદ્યોગિક, વાણિજ્ય, રહેણાંક મિલકતોની ફાળવણી કરવામાં આવે છે. ફાળવણી કર્યા બાદ કેટલાક કિસ્સાઓમાં ફાળવણીદાર એક યા બીજા કારણોસર પ્લોટનો વપરાશ કરી શકે એમ ન હોય તો ફાળવણીદાર દ્વારા પ્લોટના પુરા વિસ્તારને અથવા તો અશત: પ્લોટ વિસ્તારની સ્વૈચ્છિક પરત સોંપણી નિગમને કરી શકે જે માટે નિગમ દ્વારા સ્વૈચ્છિક પરત સોંપણીની તા.૧૭/૧૨/૨૦૨૧થી સરળ અને સંકલિત નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

નિગમની વર્તમાન સ્વૈચ્છિક પરત સોંપણીની પોલીસી નો લાભ નહી લઇ રહેલા ઉદ્યોગકારો સ્વેચ્છાએ વણવપરાશી પ્લોટ પરત કરવા તૈયાર થાય અને વણવપરાશી ખુલ્લા પ્લોટ સરેન્ડર લઇ ઉદ્યોગની સ્થાપના હેતુ વપરાશ થાય તે માટે સ્વૈચ્છિક પરત સોંપણીની પ્રોત્સાહક નીતિ બે માસ માટે અમલમાં મુકવા સરકારશ્રી દ્વારા ઉદ્યોગકારોનાં હિતમાં નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

૧. નિગમ દ્વારા ફાળવેલ પ્લોટ જે ફાળવણીદાર દ્વારા આ નીતિની સમયમર્યાદામાં પરત કરવા માંગતા હોય તેઓને સરન્ડર થનાર પ્લોટ ની પ્રવર્તમાન વિતરણ કિંમત અને તેઓને ફાળવણી થયા સમય ની વિતરણ કિંમત ના તફાવતના ૭૫% રકમ રીફંડ માટે ગણત્રીમાં લેવાની રહેશે.

૨ ઉપર મુજબ મળવાપાત્ર ૭૫% મુજબના ભાવ તફાવત મુજબ મળવાપાત્ર રિફંડ ની રકમ ફાળવણીદારે ભરેલ મુડી ની રકમ કરતા ઓછી થતી હોય તેવા સંજોગોમાં તેને તા.૧૭/૧૨/૨૦૨૧ની સરન્ડર પોલીસી હેઠળ મળવાપાત્ર મુડી ની રકમ રીફંડ તરીકે મળવાપાત્ર રહેશે.

3. સરન્ડર કરવા માંગતા ફાળવણીદાર દ્વારા તેઓને ફાળવણી સમયની નિયત મુડી ની રકમ સામે ચૂકવેલ મુડી મુજબ ભાવ તફાવતની સપ્રમાણ રકમ તેઓને ચૂકવવા પાત્ર રહેશે.

૪. ઉપરોક્ત ૭૫% લેખેના ભાવ તફાવતની રકમ માંથી નિગમની તા.૧૭/૧૨/૨૦૨૧ની સરન્ડર નીતિ અનુસાર ના બાકી લ્હેણાં બાદ કરી રીફંડની રકમ નિયત કરવાની રહેશે. એટલે કે બાકી લ્હેણાંમાં પેનલ્ટી, ૬૦% વિલંબીત વ્યાજ તેમજ વણવપરાશી દંડનો સમાવેશ થશે નહીં.

૫. આ પ્રોત્સાહક નીતિ હેઠળ અરજી કરી લાભ મેળવવાની અવધિ પરિપત્ર જારી થયાના બે માસ સુધીનો એટલે કે તા.૧૬/૦૩/૨૦૨૪ સુધીનો રહેશે. જે દરમિયાન અરજી કરનાર ફાળવણીદાર તેમજ હાલમાં જે અરજી પ્રકિયા હેઠળ હોય તે તમામને આ નીતિ અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે.

૬. સદર પ્રોત્સાહક નીતિની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ તા.૧૭/૧૨/૨૦૨૧ની નીતિ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો. સદર નીતિ જારી થયા પહેલાં જે નિર્ણય થયેલ હોય તેવા કિસ્સાઓને પુનઃ ઉખેડવાના રહેશે નહિ.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના :

૧. જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ નિગમના રેકર્ડમાં નોંધાયેલ વર્તમાન ફાળવણીદારોના રજીસ્ટર ઇ-મેઇલ મારફતે પરિપત્રની જાણ થવા તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)